'ગિરનાર ચૈત્ય પ્રવાડિ વિનતિ'

સં. વિદ્યાત્રી વોરા

કર્તાના નામનિર્દેશ વગરની આ ચૈત્ય પરિપાટી આ પહેલાં જે 'ગિરનાર ચૈત્ત પ્રવાડી' જોઈ ગયા એને કેટલેક અંશે મળતી આવે છે, તેમજ ઐતિહાસિક માહિતી પણ ઘટાવે છે. પરંતુ વિશેષમાં પ્રસ્તુત રચના એક સુંદર કાવ્યકૃતિ પણ છે. કવિનું અનુભાવન-સંવેદન આગળની કૃતિ કરતાં ગાઢ લાગે છે. અને અભિવ્યક્તિ પણ તદનુરૂપ રોચક અને ભાવવાહી છે.

આ પહેલાં ચર્ચી એ કૃતિ માત્ર પ્રાસંગિક તથ્યલક્ષી જ છે. આ મૂળગત ભેદ, બન્ને કૃતિઓ એક પછી એક જોઈ જતાં સહજ રીતે વરતાય છે. બન્નેનો કાવ્ય ઢાંચો જ એવી રીતનો છે. પહેલી પરિપાટીનો આરંભ સીધેસીધો યાત્રાવર્ણન રૂપે જ છે, જ્યારે આ તીર્થવંદનામાં તો કવિ સખીને ઉદ્દબોધી ચૈત્યપ્રવાડી ગાઈ સંભળાવે છે. અને ખરેખર સારીએ રચના ગેય અને રક્તિપૂર્ણ હોવાનો અનુભવ થાય છે.

ગિરનાર પરના અને નીચે જૂનાગઢ અને અન્ય યાત્રાનુષંગિક સ્થાનોને માટે બન્ને કાવ્યોમાં લગભગ સમાન કહી શકાય એવા ઉલ્લખો છે. જો કે એકમાં એક વાત વિશેષ છે, બીજામાં બીજી આખરે એક જ તથ્ય વિષે કહેવાનું હોઈ, વિષય એક જ હોઈ, સમાનતા સામાન્ય રીતે સંભવી શકે છે. આ વાત કાવ્યનું કથાવસ્તુ તપાસતાં સ્પષ્ટ બની રહેશે.

આરંભમાં સરસ્વતીની સ્તુતિ કરીને કવિ ગિરનારમંડન, યાદવવંશવિભૂષણ નેમિનાથનાં ગુણ ગાય છે. કવિ સખાને સંબોધીને કહે છે, 'સખિ, ગિરનાર ઉપર જઈએ અને જન્મનું સાફલ્ય લઈએ, (વળી) ત્યા ચતુર્વિધ સંઘના મેળાપ થતાં બેવડો લાભ મળે.' એમ તીર્થમાળાનું પ્રવેશ પદ ઉચ્ચારે છે.

યાત્રા 'મંગલપુર' (માંગરોળ)થી શરૂ કરે છે; ત્યાં પાર્શ્વનાથને પ્રણમી, 'વણથલી' (વંથળી)માં સોળમા તીર્થંકરના દર્શને આવે છે. આ કવિ સ્થૂળ દૃષ્ટિ રાખી યાત્રાએ નથી નીકળ્યા, પણ કલ્પના-વિહાર કરતા હોય એમ લાગે છે. વંથળીથી 'તેજલપુર' (ઉપરકોટની નીચ)માં પાર્શ્વનાથને નમે છે. ત્યાં કોઈ તળાવના ઉલ્લખ કરે છે, જે તેજપાળ કારિત 'કુંમરસર' જ હોવું જોઈએ. — હવે જુનાગઢમાં (ઉપરકોટમા) પ્રવેશ કરી ત્યા મહાવીર અને આદિનાથનું પૂજન કરે છે. તે પછી સોવનરેખ (સોનરેખ) નદીનો ઉલ્લેખ કરી, 'દામોદર વાટ' પકડે છે; ત્યા ડાબી બાજુ 'કાલમેઘ ક્ષેત્રપાલ'ના મંદિરનો નિર્દેશ કરી, નજીકમાં રહેલા દામોદરના ઘાટ વસ્તુપાળ મંત્રીએ બંધાવ્યાનું જણાવે છે. દામોદરથી ગિરનારની પાજ સુધીના માર્ગનું રોચક વર્ણન કરે છે. ત્યાં દેખાતા નિસર્ગનાં દશ્યોના સૌંદર્યનું વર્ણન કરતાં કવિ રસપ્રવણ બની, સખીને કહે છે કે કોઈ પ્રણયી યુગલ એ માર્ગે જતાં જરા વિશ્રામ લેવાનો વિચાર કરે છે, પણ પ્રેયસ માનતો નથી. એમ સાંસારિક ભાવોદ્રેકમાં થોડું આવી જઈ, ગિરનારની પાજ સુધી આવી રહેતાં, કવિ પાજના ઉલ્લેખ સાથે જ એના બનાવનાર 'બાહડદે' (વાગ્ભટ મંત્રી)ને ધન્યવાદ આપી દે છે. 'પર્વતનાં ચઢાણ સાથે સાથે કર્મો ખપતાં જાય છે', એમ કહી સીધા જ કોટ સુધી આવી પહોચે છે. પરંતુ એ પહેલાં માર્ગની પ્રાકૃતિક અદ્દભુતતાનું સંવેદન કવિ અનુભવે છે તેનું મનોહર વર્ણન કરે છે. કોટના દરવાજાથી ખડકી બંધ માર્ગ વટાવતાં (નેમિજિનના) મૂળ ગભારે પ્રવેશતાં જ મંદિરમાંથી આવતી સુવાસિત દ્રવ્યોની દિવ્ય સુગંધનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્દેશ કરી, મંદિરમાં 'નેમિનાથ'ને પ્રણમે છે. એ પછી 'ઇંદ્રમંડપ'માંથી પસાર થઈ, 'ગજપાદ કુંડમાં સ્નાન કરી, કવિ પૂજન-વિધિ વર્ણવે છે. ભોંતેર બિંબ અને 'અષ્ટાપદ'ના આઠ બિંબનું પૂજન કરે છે. આમ ક્રમે ક્રમે 'શત્રુંજયાવતાર આદીશ્વર', 'અષ્ટાપદ', 'સમેત શિખર'ના દેવો, મરુદેવિ અને 'કવડીલ યક્ષ' (કપર્દી યક્ષ) તેમજ 'નેમિનાથ'ના 'કલ્યાણ-ત્રય' મંદિરમાં દર્શન કરી, રથનેમિ-રાજીમતીના મંદિરોની મુલાકાત લઈ, અંબાજીની ટૂંક સુધી પહોંચી જાય છે. પછી 'અવલોકન શિખર', અને 'શામ્બ-પ્રદ્યુમ્ન'ને નમી, 'હેમબલાનક' બિંબને જુહારે છે. ત્યાંથી ફંટાઈ કવિ 'સહસારામ' (શેષાવન), 'લાખારામ', 'ચંદબિંદુ' (ચંદ્રગુફા), સહસ્રબિન્દુ ગુફા; સાતપુડા અને કાળકા (?)) ગુફામાં નમસ્કાર કરી, ચૈત્યપ્રવાડી પૂર્ણ કરે છે. આ સિવાય બીજાં નહિ નિર્દેશાયેલાં અનેક સ્થાનકો અને 'છત્રશિલા' (ભૈરવ જપ ?))નો પણ ઉલ્લેખ કરે છે.

આ પ્રમાણે કવિ સખીને પૂરી ચૈત્યપ્રવાડી ગાઈ સંભળાવે છે. કવિ ભાવિક છે, માટે પૂજા-વિધિના વર્ણનમાં ખાસી ૬ કડી રોકે છે, (૧૫ થી ૨૧) કવિ હૃદય પ્રકૃતિનું ચેતોહર સૌંદર્ય નીરખી રોમાંચિત થઈ પહેલી ૮ કડી તો તેનું વર્ણન ગાવામાં રોકે છે. આમ પરિપાટીનો અર્ધોભાગ કાવ્ય વ્યંજના માટે રાખી, શેષ ભાગમાં ઐતિહાસિક માહિતી આપે છે. ને ત્યાં પણ કવિની કાવ્યકળા તો છતી થતી રહે જ છે. (૬ ઠ્ઠી કડીનો પૂર્વાર્ધ નથી.)

આગલી 'ગિરનાર ચેત્ત પરિપાટી'માં નથી આપ્યા એવા, મંગલપુરના પાર્શ્વનાથ, વંથલીના શાંતિજિન, દામોદરનો ઘાટ વસ્તુપાળે બંધાવ્યાનો ઉલ્લેખ, હેમબલાનક (કાંચન બલાણ),[1] છત્રશિલા[2]ના ઉલ્લેખો, ઇત્યાદિ આ કૃતિમાં મળે છે.

આ રચના જે પ્રતિમાંથી મળી છે એનો લેખન સંવત સત્તરમા શતકનો લાગે છે. પ્રતિ લા.દ.ભા.સં. વિદ્યામંદિરમાંથી પુણ્યવિજયજી સંગ્રહની (નં. ૮૨૮૫) છે. પ્રતિ પરિમાણ ૨૬.૪×૧૧.૧ સે. મિ.; પંક્તિ ૧૪; અક્ષર ૪૮ (દરેક પત્રમાં સરાસરી) છે. કાવ્યની ભાષા પણ આગલી કૃતિ 'ગિરનાર ચેત્ત પ્રવાડી' કરતાં થોડી પાછોતરા સમયની છે. વ્રજભાષાના કવિ જેવું પદલાલિત્ય પણ છે. ગિરિસ્થ સ્થાનો માટેની ઐતિહાસિક વિગતોની ચર્ચા આગલી કૃતિ વખતે કરેલી છે, એટલે અહીં તે પર વિશેષ ચર્ચા અનાવશ્યક બની રહે છે. કૃતિ રથનેમિનું મંદિર બંધાઈ ગયા પછીની છે અને એથી ૧૫મા શતકના દ્વિતીય ચરણમાં ક્યારેક રચાઈ હશે.

પાદટીપ

૧. રત્નશેખરસૂરિશિષ્ય કૃત 'ગિરનાર તીર્થમાળા' – (ક. ૧૪), **પ્રાચીન તીર્થમાળા ભા ૧,** ભાવનગર, વિ. સં. ૧૯૭૮.

૨. હેમહંસ કૃત 'ગિરનાર ચૈત્ય પરિપાટી' (ક. ૩૦–૩૪). સં. પં. બેચરદાસ દોશી, અમદાવાદ વિ. સં. ૧૯૭૮ **પુરાતત્ત્વ** ભા. ૧ (પૃ. ૨૯૩).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ગિરનાર ચૈત્યપ્રવાડિ વિનતિ

સરસતિ સામિણિ વીનવું માગઉ એક પસાઉ
ગિરનારહ ગિરિમંડણુઉ ગાસિઊં યાદવરાઉ ॥ ૧
સખિ, ઊજિલગિરિવરિ જાઇએ એ, ફલ લીજઇ ઇણુ સંસારિ
ચઉવિહ સંઘ મેલાવડઉ દૂયડઉ ગઢ ગિરિનારિ —સખિ૦
આંકિણી છ ॥
મંગલપુરિ મહિમા ઘણુઇ, પણુમઉ પાસ જિણુંદ
સંતિજિણેસર સોલમઉ, વઉણુથલી વીરજિણુંદ —સખિ૦ ૨
અમરિતતઉ અધિકેરડઊં, જલનિર્મલ ભરિઊં તલાવ
તેજલપુરિ પહ પણુમીઇ, પાસનાહ સકલાવ —સખિ૦ ૩
ગઢજૂનઉ જગિ જાણીઇ, જાણે ગિરિકૈલાશ
વીર·આદિ પૂજી તિહાં જિણુ, તિહુયણિ પૂરઇ આસ —સખિ૦ ૪
સોવનરેખ નદી વહઇ, દામોદર તીર વાટ
કાલમેઘ ડાબઈ અછઈ, વસ્તુપાલ આ ઘાટ —સખિ૦ ૫
....
આંબા જાંબૂ આંબલી, બીજઊરી બહુરંગ —સખિ૦ ૬
મારગિ વનરાજી ઘણી, બહૂલી દીસઇ છાહ
એક ભણઇ ઇહા બઇસી, પણુ પ્રેમિ ન મૂકઇ બાહ —સખિ૦ ૭
મોર મધુર કી ગારડા, કોઇલિ સલલિત–સાદ
પરબત પાણી ઊતરઈ, નીઝરણે નીર નિનાદ —સખિ૦ ૮
હવ પહિ પરવ દેખીઇ, દેખીઇ જન–વિશ્રામ
પાજઇ ચડતાં સોહિલૂ, ધન બાહડદે તુમ્હ નામ —સખિ૦ ૯
બીજી ત્રીજી તઉ વલી, વલી ગયા સવિ કર્મ્મ
તાઢઉ વાઉ તિ વાઇઉ, ટલઇ શરીરહિ શર્મ્મ —સખિ૦ ૧૦
ખડકી બે વઉલી કરી, સૂયકારાણિ ચઉથી પર્વ
પોલિ પ્રવેસિહિ પુહવીઇ, મેલ્હી મનના ગર્વ —સખિ૦ ૧૧
દેઉલ દીઠઉ દેવનૂં, જાણે સ્વર્ગ–વિમાન
અમીય રસાયણ ઊજલૂં, અહિવા પુણ્ય–નિધાન —સખિ૦ ૧૨
ત્રન્નિ પ્રદક્ષણુ પરિકરી, હરી દુરી સવિ પાપ
મૂલિ ગભારઇ આવીયા, દુખહ ટાલિય વ્યાપ —સખિ૦ ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કઇ કસતૂરી વજા મઇ કઇ કલપતરકં ?
સામલવન્ન સોહામણઉ, પણમિય નયણાણંદ —સખિ૦ ૧૪
ઇંદ્રમંડપ માહિ થઈ ગજપતિ કુંડિ સનાન
નિર્મલ ધોતિ સુપહિરઇ, માગત-જન દીજઈ દાન —સખિ૦ ૧૫
કલસભરી સોવન-મઇ, નીર નિરોપમ ગંગ
ઉત્સવિસિઉં સંધિ સહી, નેમીસર ભૂયણિ રંગ —સખિ૦ ૧૬
કુસમંજલિ વિધિ સાચવી, સનપન સામિ સરીર
આદરિ અંગ વિલૂહિઇ, પાવિત્ત હૂઇ શરીર —સખિ૦ ૧૭
બાવનિ ચંદનિ ચરચીઇ, અરચઇ કુશમહ માલ
પૂજ રચી મન ભાવતી, ગુણ ગાઇ વર બાલ —સખિ૦ ૧૮
ચોખા આખે અતિ ઘણા, ફલફોફલ પકવાન
સાલિ દાલિ ઘૃત સાલણા, ઢોઇ વસ્તુ પ્રધાન —સખિ૦ ૧૯
ખેલા નાચઇ ખંતિસિઉ, અંગિહિ રંગ અપાર
પુણ્યહ પાર ન પામઇ, ધ્વજ આરોપિય સાર —સખિ૦ ૨૦
આરતી આરતિ હરઇ, મંગલદીપકમાલ
જે ભવીયણ ભાવિ કરઇ, પ્રતપઇ તે ચિરકાલ —સખિ૦ ૨૧
પખે[વે] બલી પૂજતાં, પૂજઇ ન(ને)હ જગીસ
પાઉમંડપિ પાદુકા, સતરિસઉ જગદીસ —સખિ૦ ૨૨
જગતિ જગ તિસઉં જોઈઇ, બહુતરિ દેહરી બિંબ
આઠ તીથંકર આગલા, તે પૂજઉ અવિલંબ —સખિ૦ ૨૩
અભિનવઉ સેત્તુજ અવતરિઉ, આદિલ પૂય પાય
અષ્ટાપદ સમેતિ સિઉં, મરુદેવિ કવડિલ રાય —સખિ૦ ૨૪
કલ્યાત્તુ [કલ્યાણત્રય] નિરખીઈ હરખીય ચિત્ત અપાર
ત્રિહુરૂપે નેમિ પૂજીઇ સફલ હૂઇ સંસારિ —સખિ૦ ૨૫
રાજીમતી રહનેમિસિઉં, અબિક આગઇ શ્રુંગિ
ફલનાલીયરે ભેટીઇ, પૂરઇ મનના રંગ —સખિ૦ ૨૬
અવલોણા સિહિરિ નમી, સામિપજૂનકુમાર
હેમ બલાણઇ બિંબ અછઇ, જિણવર તીહ જુહારુ —સખિ૦ ૨૭
સહસારામ સરૂયડું, દ્રૂયડું લાખારામ
ચંદ્રબિંદુ ગુફ જિન નમૂં, છત્રસિલાઇ પ્રમાણ —સખિ૦ ૨૮
રૂયડાં થાનક છઇ ઘણા, ગુણણા નહી મજ્ઝ પાડિ
મનસિદ્ધિ માલ્હી કરી, કીધીય ચૈત્ય-પ્રવાડિ —સખિ૦ ૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુનરપિમણિ ઊલટી સહી, નેમીસર પ્રાસાદિ
મનહ માહિ ઇમ માનીઉ, જીતઉ જગિ જયવાદિ —સખિ૦ ૩૦

યાદવરાય નમી વલી, તીરથપતિ ઉદયવંત
વલી વિશેષિ જોઈઇ, ગુણહ ન લાભઇ અંત —સખિ૦ ૩૧

તૂય ગુરુ બંધવ તાય તૂં, તૂ પરમખ પર દેવ
મૂં સેવક કરુણા કરી, પાયતલિ દેજ્યો વાસ —સખિ૦ ૩૨

તીરથમાલા જેઉ ભણુઇ, ગુણુઈ સદા સવિચારુ
અલિય વિઘન દૂરિ પુલઈ, પામઈ સુકખ ભંડાર —સખિ૦ ૩૩

॥ ઈતિ શ્રી ગિરનાર ચૈત્યપ્રવાડી વીનતી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org